**તારીખ : ૨૭/૦૨/૨૦૨૪**

**માનનીય ધારાસભ્યશ્રીનું પ્રવચન**
**વન અને પર્યાવરણ વિભાગ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગની અનુદાનો માટેની માંગણીઓ પૈકી માંગણી ક્રમાંક ૨૬ અને ૨૭ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજુ કરૂ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સાતત્યપૂર્ણ વિકાસ માટે વન અને પર્યાવરણ જતનના ક્ષેત્રોમાં પણ ગુજરાતે હરણફાળ ભરી છે. હાલમાં સી.ઓ.પી. ૨૮ (ટ્વેન્ટી એઈટ) માં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ગ્રીન ક્રેડીટ પહેલની શરૂઆત કરેલ છે. નેટ ઝીરોના લક્ષ્યાંક હાંસલ કરવા અને મિશન લાઈફ થકી પર્યાવરણને અનુરૂપ જીવન શૈલીના સિદ્ધાંતોથી પર્યાવરણનું રક્ષણ કરવા સરકાર કટિબદ્ધ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્યના જૈવિક વિવિધતાથી સમૃદ્ધ ગાઢ વનો, નદીઓ અને જલપ્લાવિત વિસ્તારો, રાષ્ટ્રીય ઉદ્યાન–અભ્યારણ્યો થાસિયા મેદાનોને સંરક્ષિત કરવા તેમજ વન વિસ્તારના બાહ્ય વિસ્તારમાં પણ વૃક્ષાવરણમાં વધારો કરવા સરકાર મક્કમ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ખેડૂતોની આજીવિકામાં વૃદ્ધિ સાથે વન વિસ્તારના વિકાસને વેગ આપતી એગ્રો ફોરેસ્ટ્રી યોજનાનો વ્યાપ વધારી આવતાં વર્ષમાં ૩૧ હજાર હેકટરમાં વાવેતર કરવાની નેમ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે સને ૨૦૨૪–૨૫ના વર્ષના અંદાજપત્રમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂપિયા ૨૫૮૬ કરોડની જોગવાઈ કરી છે. જેમાં મહત્વની કામગીરી વિશે જણાવું તો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજીક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ.૫૫૦ કરોડ
- વન્યપ્રાણીઓની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.૪૦૦ કરોડ
- વન વિસ્તાર વિકાસ અને ઈકો–રિસ્ટોરેશન કાર્યક્રમ હેઠળ રૂ.૧૮૫ કરોડ
- ધરોઈ–અંબાજી સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં ઈકો–રીસ્ટોરેશનની કામગીરી માટે રૂ.૩૧ કરોડ
- મહત્વના પ્રવાસન સ્થળો નજીક નવી સફારીની રચના અને ઈકો–ટુરીઝમ સાઇટના વિકાસ માટે રૂ.૩૭૨ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી આગામી વર્ષ માટે રૂ. ૧૭. કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા હાંસલ કરવામાં આવેલ સિધ્ધિઓ વિશે જણાવું તો,

- સામાજિક વનીકરણ ક્ષેત્રે કરાયેલ વૃક્ષ ગણતરી પ્રમાણે વન વિસ્તાર બહાર સને ૨૦૦૩ માં કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષોનો અંદાજ કાઢવામાં આવેલ જે સને ૨૦૨૧ ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલ છે.
- સને ૨૦૦૩ ની સરખામણીમાં ૫૮.૩૬% વૃક્ષો ની સંખ્યાનો વધારો નોંધાયેલ છે.
- વન વિસ્તાર બહાર વૃક્ષોની ઘનતા ૨૦૦૩ માં ૧૪.૧૦ વૃક્ષ પ્રતિ હેકટર હતી જે વધીને વર્ષ ૨૦૨૧ માં ૨૫.૭૪ વૃક્ષ પ્રતિ હેકટર થયેલ છે.

- ચાલુ વર્ષે ૭૪ મા વન મહોત્સવની ઉજવણી દરમિયાન રાજ્યમાં ૧૦.૪૦ કરોડ રોપાનું વિતરણના આયોજનની સામે નવેમ્બર–૨૦૨૩ સુધીમાં ૧૦,૦૮ કરોડ રોપાનું વિતરણ કરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષે સામાજીક વનીકરણ યોજના અંર્તગત રાજ્યમાં વન વિસ્તાર બહાર કુલ ૩૩,૨૮૪ હેકટર વિસ્તારમાં વાવેતર કરવાના આયોજનની સામે નવેમ્બર–૨૦૨૩ સુધીમાં ૩૨,૯૭૪ હેકટર વિસ્તારમાં ૨૧૭ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે ૪–રાષ્ટ્રીય ઉદ્યાન, ૨૪ અભયારણ્ય અને ૧ કન્ઝર્વેશન રીઝર્વ વિસ્તાર મળી કુલ ૨૯ રક્ષિત વિસ્તારો આવેલા છે.
- એશિયાઈ સિંહોની સંખ્યા સને ૨૦૦૫ માં ૩૫૯ હતી જે વધીને સને ૨૦૨૦ માં ૬૭૪ થયેલ છે.સિંહોની સંખ્યામાં અગાઉની ગણતરી કરતા ૨૮.૯% નો વધારો નોંધાયેલ છે.

  આ સિવાય ઘુડખર, દિપડા, રીંછ, કાળીયાર, ચિતલ, સાંભર, રોઝ જેવી વન્યજીવ સમૃતિમાં પણ ઉત્તરોત્તર વધારો થયેલ છે.
- વન્યપ્રાણી દ્વારા માનવજાત અને માલઢોર ઉપર થતા હુમલામાં સહાયની રકમમાં વધારો માનવમૃત્યુ માટે ૩.૪ લાખને બદલે ૩.૫ લાખ સહાય ચુકવવાનો સરકારશ્રીએ વધારો કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- માનવ મૃત્યુના કિસ્સામાં ૩.૫ લાખ જેટલી સહાયની રકમ બનાવ બન્યાના સમયથી ૪૮ કલાકમાં ચુકવવામાં આવે છે
- સિંહ દર્શન અર્થે દર વર્ષે લાખોની સંખ્યામાં દેશ વિદેશથી મુલાકાતીઓ ગીર અભયારણ્યમાં આવે છે.
- સને ૨૦૨૧–૨૨ માં ૧૫.૦૭ લાખ અને ૨૦૨૨–૨૩ માં ૧૯.૭૦ લાખ મુલાકાતીઓએ ગીર અભયારણ્યની મુલાકાત લીધેલ છે.
- લાયન પ્રોજેક્ટમાં એશિયાઇ સિંહો સહિતના વન્યજીવોના સ્વાસ્થ્ય માટેની વિશ્વ કક્ષાની લાયન હોસ્પીટલનું નિર્માણ થશે.

- ચાલુ વર્ષ દરમ્યાન સરકારશ્રી દ્વારા ૩.૫ કરોડની નવી બાબતમાં મંજુર કરી તેના અમલીકરણની શરૂઆત કરવામાં આવેલ છે.
- કેવડીયા ખાતે ડ્રાઈવ થ્રુ એન્કલોઝર સફારી અને ડીસા ખાતે પ્રાણી સંગ્રહાલય/ સફારી તેમજ શૂલપાણેશ્વર, જાંબુઘોડા ખાતે પ્રાણી સંગ્રહાલય/ સફારી બનાવવાનું આયોજન છે.
- રાજ્ય સરકાર દ્વારા વન વિસ્તારની અંદર વૃક્ષની ગીચતા વધારવા માટે સઘન વનીકરણ કરી કરેલ વનીકરણનું લોક સહકાર તેમજ સહભાગી વન વ્યવસ્થા થકી રક્ષણ માટે વન વિકાસની કામગીરી કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- વર્ષ ૨૦૨૧ના ફોરેસ્ટ સર્વે ઓફ ઈંડિયાના અહેવાલ મુજબ ગુજરાતમાં વન આચ્છાદિત વિસ્તાર (વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર) માં ૨૦૧૯ કરતાં ૬૯ ચો.કી.મી જેટલો વધારો થયો છે.
- વર્ષ ૨૦૧૯માં કુલ વન આચ્છાદિત વિસ્તાર ૧૪૮૫૭ ચો.કી.મી હતો જે વર્ષ ૨૦૨૧ના અહેવાલ પ્રમાણે ૧૪૯૨૬ ચો.કી.મી જેટલો થયેલ છે.
- 'ગીર' ફાઉન્ડેશન દ્વારા રાજ્યમાં આવેલ ચાર મહત્ત્વના વેટલેન્ડ વિસ્તારોને રામસર સાઈટ તરીકે જાહેર કરવા માટેની દસ્તાવેજીકરણની કામગીરી કરવામાં આવેલ છે જે થકી રાજ્ય ખાતે ચાર રામસર સાઈટ જાહેર કરવામાં આવેલ છે.
- સહભાગી વનવ્યવસ્થા મંડળીઓ થકી તેના સભાસદો ગૌણ વનપેદાશ એકત્ર કરી તેના વપરાશ અને વેચાણ દ્વારા પૂરક આજીવિકા મેળવે છે.
- ‘ગીર’ ફાઉન્ડેશનને ૦૫ રાજ્યો (આસામ, ગોવા, મેઘાલય, રાજસ્થાન અને તેલંગણા) તથા ૦૨ કેન્દ્ર શાષિત પ્રદેશ (દાદરા નગર હવેલી અને દીવ–દમણ)ના ‘સ્ટેટ વેટલેન્ડ ઓથોરીટી'નાં નોલેજ પાર્ટનર તરીકે નામાંકિત કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- પર્યાવરણ ક્ષેત્રે રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણ માટેના કાયદાઓના અસરકારક અમલીકરણ થકી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ રાજ્યમાં ગુણવત્તાસભર ઉત્તમ પર્યાવરણ જાળવવા માટેના સર્વાંગી પ્રયાસો કરે છે.
- પ્રદૂષણ નિયમન માટે તકનીકી સિધ્ધિ તેમજ આર્થિક સક્ષમતા અને પર્યાવરણીય સંવેદનશીલતાના પાસાઓને ધ્યાનમાં રાખીને સંભવત: તમામ પ્રયાસો હાથ ધરીને વાયુ પ્રદૂષણના માપદંડો બનાવવા, આવા સ્થળો ઓળખવા તથા જોખમી કચરાના નિકાલની પધ્ધતિઓ અને પ્રક્રિયાઓનો વિકાસ કરીને પર્યાવરણની ગુણવત્તાનું રક્ષણ કરે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ચોકસાઈપૂર્વક અને વધુ કાર્યક્ષમતાથી નદી– નાળાના પર્યાવર્ણીય સેમ્પ્લિંગ માટે અને કોઇ પણ જાતના માનવબળના ઉપયોગ વગર ૨૪ કલાક સેમ્પ્લિંગ સરળતાથી થઈ શકે તેવી પધ્ધતિ વિકસાવવામાં આવેલ છે.
- પરિસર હવાની ગુણવત્તાના મોનિટરીંગ માટેની યોજના હેઠળ અમદાવાદ, વડોદરા, સુરત, વાપી, ભરૂચ અને રાજકોટમાં પરિસર હવાની ગુણવત્તાનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે તેમજ તેનું કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પોર્ટલ તથા સી.એમ. ડેશ બોર્ડ ઉપર નિયમિત રીપોર્ટીંગ કરવામાં આવે છે.
- આ વખતના ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ખાતે આશરે ૪૫ લાખથી વધારે શ્રધ્ધાળુઓએ "મા અંબા" દર્શનનો લાભ લીધો.
- આ વખતના ઉત્સવમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિવિધ સંસ્થાઓની ભાગીદારીથી અંબાજી પદયાત્રાના મુખ્યત્વે ના કુલ ૩ રૂટ પરના કુલ ૩૬૩ કી.મી. માર્ગને કચરા મુક્ત કરવાનો ભગીરથ પ્રયાસ “ઝીરો વેસ્ટ ઉત્સવ” કરવામાં આવેલ છે. આ અંતર્ગત કુલ ૬૮,૦૦૦ કી.ગ્રા.થી વધારે પ્લાસ્ટિક કચરાને એકત્રિત

કરવામાં આવેલ છે. એકત્રિત થયેલ કચરાને રીસાઇકલીંગ, રી–યુઝ તથા રી–પ્રોસેસ કરી તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવેલ છે.

- હવા પ્રદૂષણની સમસ્યાના નિવારણ માટે રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરોનો કેન્દ્ર સરકારનાં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ અભિયાન અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે. આ ચારેય શહેરોમાં હવાની ગુણવત્તા સુધરે તે માટે એર એક્શન પ્લાન ઘડી નાખવામાં આવેલ છે અને તેનું અમલીકરણ શરૂ કરી દીધેલ છે.
- પંદરમાં નાણાંપંચ અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩ અંતિત આ ચાર શહેરોમાં હવા પ્રદૂષણ નિયંત્રણ માટે ૩.૭૯૬ કરોડની ધન રાશિની ફાળવણી કરવામાં આવેલ છે. હવા પ્રદૂષણના સ્ત્રોતોના ઊંડાણપૂર્વકના પૃથ્થકરણ માટે અમદાવાદ અને સુરત શહેરના સોર્સ એપોર્શન્મેન્ટ સ્ટડી જેવા વૈજ્ઞાનિક અભ્યાસો પૂર્ણ કરવામાં આવેલ છે જ્યારે વડોદરા અને રાજકોટ શહેરમાં તેની પ્રક્રિયા પુર્ણતાના આરે છે.
- બાયોમેડિકલ કચરાના સંચાલનમાં ગુજરાત રાજ્ય દેશમાં મોખરે છે. ગુજરાતમાં કુલ ૨૧ કોમન બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટી (સીબીડબ્લ્યુટીએફ)ની સ્થાપના કરવામાં આવેલ છે. ગુજરાતમાં કુલ ૪૭,૮૪૦ કિગ્રા/પ્રતિદિનના બાયો–મેડિકલ વેસ્ટ જનરેશનની સામે ૧,૦૯,૦૦૦ કિગ્રા/પ્રતિદિનની ક્ષમતા ધરાવતા બાયોમીડીકલ વેસ્ટ ઇન્શીનરેશન થતા નિકાલ કરવાના પ્લાન્ટો કાર્યરત છે. તેમજ ગુજરાત રાજ્યમાં જૈવિક તબીબી કચરાના સંગ્રહ અને નિકાલનું વિસ્તૃત નેટવર્ક છે.
- રાજ્યની પ્રદૂષિત નદીના પાણીને ગુણવત્તા સુધારવા અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૮ની તુલનામાં પ્રદૂષિત નદીના પટ્ટની સંખ્યા ૨૦ થી ઘટીને ૧૩ થવા પામેલ છે.